**કાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા**
**કચ્છ યુનિવર્સિટી**

**મુન્દ્રા રોડ, ભૂજ-કચ્છ. ૩૭૦ ૦૦૧.** **ફોન નં. (૦૨૮૩૨)૨૩૫૦૦૧, ૨૯૩૯૧૧**
**ફેકસ નં. (૦૨૮૩૨) ૨૩૫૦૧૧**

**ઈમેઈલ-info@kskvkachchhuniversity.org** **વેબ-kskvkachchhuniversity.org**

---

ક.યુ./ઇ.સી./મિનિટસ/પમી જુલાઇ/૨૦૧૭/595 તા.૧૯/૦૭/૨૦૧૭

પ્રતિ,
તમામ એકિઝકયુટીવ કાઉન્સીલના સભ્યશ્રીઓ,
કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,
ભુજ–કચ્છ.

**વિષય : ગત ૦૫/૦૭/૨૦૧૭ ના રોજની એકિઝકયુટીવ કાઉન્સીલની યોજાયેલ સભાની મિનિટસની નોંધ મોકલવા બાબત.**

શ્રીમાન,

જય ભારત સહ ઉપરોકત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીનાં અધ્યક્ષ સ્થાને તા.૦૫/૦૭/૨૦૧૭ના રોજ કચ્છ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એકિઝકયુટીવ કાઉન્સીલની સભાની મિનિટસ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવ છે. જે આપશ્રીને જાણ થવા વિનંતી.

આભાર સહ,

**આપનો વિશ્વાસુ**

**કુલસચિવ**
**કચ્છ યુનિવર્સિટી**
**ભુજ–કચ્છ**

બિડાણઃ– એકિઝકયુટીવ કાઉન્સીલની યોજાયેલ બેઠકની મીનીટસ નોંધ

નકલ સવિનય રવાનાઃ– માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ.

તા. ૫-મી જુલાઇ ૨૦૧૭ ના રોજ બપોરે ૦૩.૦૦ કલાકે કચ્છ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની મિનિટસ નોંધ

આજ રોજ તારીખ ૫-મી જુલાઇ ના રોજ શનિવાર બપોરે ૦૩.૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે એક્ઝિક્યુટીવ કાઉન્સીલની સભા માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ,અધ્યક્ષશ્રી દ્વારા ચતુર્થ એક્ઝિક્યુટીવ કાઉન્સીલના નવનિયુક્ત સભ્યશ્રીઓના અભિવાદન બાદ આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી. આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતાં.

| સભ્યશ્રીનું નામ | હોદો | હાજર/ ગેરહાજર |
|---|---|---|
| ડો. શ્રી.સી.બી.જાડેજા<br>માન. કુલપતિશ્રી,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ-કચ્છ. | અધ્યક્ષશ્રી | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય,<br>ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય,<br>ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય,<br>ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડો.શ્રી.ડી.એમ.બકરાણીયા,<br>ડીનશ્રી, શિક્ષણ વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ-કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો.પી.એસ.હિરાણી,<br>ડીનશ્રી, કોમર્સ વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ-કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| શ્રી અજય ગઢવી,<br>કોર્ટના ચૂંટાયેલા સભ્યશ્રી,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ-કચ્છ. | સભ્યશ્રી | ગેરહાજર |
| શ્રી શ્રવણસિંહ વાઘેલા,<br>કોર્ટના ચૂંટાયેલા સભ્યશ્રી,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ-કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. એસ.જી.ધર્માણી,<br>સલંગ્ન કોલેજના આચાર્યશ્રી,<br>તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ,<br>આદિપુર-કચ્છ. | સભ્યશ્રી | હાજર |

| | | |
|---|---|---|
| ડૉ. મનીષ પંડયા<br>સલંગ્ન કોલેજના આચાર્યશ્રી,<br>તોલાણી કોલેજ ઓફ કોમર્સ,<br>આદિપુર–કચ્છ. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડૉ. એમ.જી.ઠકકર.<br>પ્રોફેસર, વિજ્ઞાન વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડૉ. કે.એમ.ત્રિવેદી<br>રીડર, વિનયન વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ..........................<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિશ્રી, | સભ્યશ્રી | ખાલી |
| ..........................<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિશ્રી, | સભ્યશ્રી | ખાલી |
| ડૉ.શ્રી.ડી.એમ.બકરાણીયા,<br>કાર્યકારી કુલસચિવશ્રી, કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સેક્રેટરીશ્રી | હાજર |

## –મુદાઓ –

૧. નિયુકિત થયેલ અને ચૂંટાયેલ સભ્યશ્રીઓનું અભિવાદન

**ઠરાવઃ– ૧. કચ્છ યુનિવર્સિટીની ચતુર્થ એકિઝકયુટીવ કાઉન્સીલની રચના અન્વયે હોદાની રૂએ, ચૂંટાયેલા અને નિયુકત થયેલા તમામ સભ્યશ્રીઓને માન.કુલપતિશ્રી દ્વારા અને કુલસચિવશ્રી દ્વારા સત્કારવામાં આવ્યા અને નિયુકતી બદલ તમામને અભિનંદન પાઠવવામાં આવ્યા.**

૨. તા.૨૭/૦૩/૨૦૧૭ની મિનિટસનું વાંચન અને બહાલી.

(નોંધઃ– ગત તારીખ ૨૭/૦૩/૨૦૧૭ના રોજની સભાની મિનિટસ નોંધનું વાંચન અને બહાલી બાબત.)

**ઠરાવઃ– ૨. ગત તા.૨૭/૦૩/૨૦૧૭ની ના રોજની સભાની મીનીટસના વાંચન બાદ બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૩. તાઃ૨૦/૦૩/૨૦૧૭ની સભામાં થયેલ ઠરાવ નંઃ ૨૩માં સુધારો કરવા અંગે.(પરિશિષ્ટ–૧)

**ઠરાવઃ– ૩. ગત તા.૨૦/૦૩/૨૦૧૭ની એકિઝકયુટીવ કાઉન્સીલના ઠરાવ નં.૨૩માં ભારત સરકારશ્રીની એન.એમ.ઇ.આઇ.સી.ટી. યોજના અન્વયે કચ્છ યુનિવર્સિટી માટે ૧(એક) જીબીપીએસની ફાઇબર ઇન્ટરનેટ કનેકટીવીટી તથા ૪૦૦ નોડસ્નું કેમ્પસ લેન કરવા સબંધિત ખર્ચ માટે મંજુરી આપવામાં આવેલ અને આ સાથે કેમ્પસ લેનની સીકયુરીટી માટે હાર્ડવેર ફાયરવોલના લાયસન્સ એકિટવેટ કરવા ખુબજ જરૂરી છે. તે સબંધિત ખર્ચ માટે પણ સરકારશ્રીમાંથી ગ્રાન્ટ મેળવવા કાર્યવાહી હાથ ધરી ગ્રાન્ટ મંજુર થયેથી કાર્યવાહી હાથ કરવા બાબતે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૪. પરીક્ષા શુધ્ધિ સમિતિની કમિટીની રચનાને બહાલ આપવા અંગે.(પરિશિષ્ટ–૨)
(નોંધઃ– તારીખઃ ૨૦/૦૪/૨૦૧૭ના રોજ માન.કુલપતિશ્રી દ્વારા જરૂરીયાતના ભાગ રૂપે માર્ચ–એપ્રિલ–મે ૨૦૧૭ની પરીક્ષાઓ માટે રચાયેલ પરીક્ષા શુધ્ધિ સમિતિને બહાલ.)

**ઠરાવઃ– ૪. તા.૨૦/૦૪/૨૦૧૭ ના રોજ એક્ઝિક્યુટીવ કાઉન્સીલની મંજુરીની અપેક્ષાએ માન.કુલપતિશ્રી દ્વારા નીચે મુજબની પરીક્ષા શુધ્ધી સમિતિ રચવામાં આવેલ.**

**૧. ડો.દર્શનાબેન ધોળકીયા, અધ્યક્ષશ્રી**
**૨. ડો.પી.એસ.હીરાણી, સભ્યશ્રી**
**૩. ડો.પી.એન.દવે, સભ્યશ્રી**
**૪. ડો.વિપુલ મોદી, સભ્યશ્રી**
**૫. ડો.કે.એમ.ત્રિવેદી, સભ્યશ્રી**
**૬. ડો.એલ.વી.ફફલ, સભ્યશ્રી**

**ઉપરોક્ત પરીક્ષા શુધ્ધિ સમિતિને બહાલ રાખવા, તથા હાલમાં ડો.પી.એન. દવે અત્રે ફરજો બજાવતાં ન હોઇ તેમની જગ્યાએ ડો.સુશીલ ધર્માણીને સભ્યશ્રી તરીકે નિયુક્ત કરી આ સમિતિને હવે પછીની પરીક્ષાઓને લક્ષીને બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૫. પરીક્ષા શુધ્ધી સમિતિના જાહેરનામાને બહાલી આપવા અંગે.(પરિશિષ્ટ–૩)
(નોંધઃ– તારીખઃ ૨૦/૦૪/૨૦૧૭ના રોજ માન.કુલપતિશ્રી દ્વારા જરૂરીયાતના ભાગ રૂપે માર્ચ–એપ્રિલ–મે ૨૦૧૭ની પરીક્ષાઓ માટે રચાયેલ પરીક્ષા શુધ્ધિ સમિતિના અહેવાલ પરથી આધારે પ્રસિધ્ધ કરેલ જાહેરનામાને બહાલ.)
**ઠરાવઃ– ૫. પરીક્ષા શુધ્ધિ સમિતિ દ્વારા કોપીકેસ અંગેના નિર્ણય અન્વયે સમિતિ દ્વારા નિયત કરાયેલ સજા અંગેના જાહેરનામાંને બહાલ રાખવા, તથા પરીક્ષા શુધ્ધિ સમિતિએ વિદ્યાર્થીઓના ભવિષ્ય અને હિતને ધ્યાને લઇ પરીક્ષામાં કોપીકેસના નિયમોની પુનઃરચના અંગે ચર્ચા કર્યા બાદ તૈયાર કરેલ નિયમાવલી આગામી એક્ઝિક્યુટીવ કાઉન્સીલમાં બહાલી અર્થે રજુ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૬. પરીક્ષા ફોર્મ અને ફી નિયત સમય મર્યાદામાં ભરાયેલ ન હોય તે સંજોગોમાં સમય મર્યાદા બાદ ફોર્મ સ્વીકારવા અને ફી સ્વીકારવા રજૂઆત થાય તો સુપર લેઇટ ફીનો સમયગાળો અને સુપર લેઇટ ફી નકકી કરવા અંગે.
**ઠરાવઃ– ૬. પરીક્ષા ફોર્મ અને પરીક્ષા ફી નિયત સમય મર્યાદામાં ભરાયેલ ન હોય તે સંજોગોમાં પ્રથમ લેઇટ ફી રૂા.૧૦૦/–, દ્વિતિય લેઇટ ફી રૂા.૫૦૦/–, તૃતિય લેઇટ ફી રૂા.૧૦૦૦/– વર્તમાનમાં લેવામાં આવે છે. તેમ છતાં જો વિદ્યાર્થી પરીક્ષા ફોર્મ અને પરીક્ષા ફી ન ભરી શકે તેવા સંજોગોમાં જે–તે પરીક્ષા શરૂ થવાના ૧૦(દશ) દિવસ પહેલાં સુપર લેઇટ ફી રૂા.૫૦૦૦/– સાથે સ્વીકારવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૭. એકેડેમિક કેલેન્ડર બહાલ કરવા અંગે.(પરિશિષ્ટ–૪)
(નોંધઃ– શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ માટે પ્રસિધ્ધ કરેલ એકેડેમિક કેલેન્ડરને બહાલ.)
**ઠરાવઃ– ૭. કચ્છ યુનિવર્સિટીના એકેડેમિક કેલેન્ડરને બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૮. પરીક્ષા સંબંધિત સ્ટેશનરી બાબત. (પરિશિષ્ટ–૫)
(નોંધઃ– કોલેજોને મોકલવામાં આવતા પરીક્ષાના કવર, સ્ટેશનરી અને ફી ભરવાના ચલણ છપાવવાની જરૂરીયાત માટે ટેન્ડરની પ્રક્રિયા કરવા અંગે.)
**ઠરાવઃ– ૮. પરીક્ષા સબંધિત જુદી–જુદી સ્ટેશનરીની બાબતે ખરીદ સમિતિમાં રજૂ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૯. યુનિવર્સિટી ખાતે કાર્યરત સ્નાતક, અનુસ્નાતક અને સંશોધન સંબંધિત અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શિષ્યવૃતિનો લાભ મળે તે માટેની વહીવટી કામગીરી માટે જવાબદારી સોપવા અંગે.
**ઠરાવઃ– ૯. કચ્છ યુનિવર્સિટી ખાતે કાર્યરત સ્નાતક, અનુસ્નાતક કે સંશોધન સબંધિત તમામ અભ્યાસક્રમમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને શિષ્યવૃતિનો લાભ મળે તે માટે વહિવટી સરળતા અને ઝડપી કામગીરી માટે કું.ફુલવાબેન મચ્છરને સોંપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૦. કચ્છ યુનિવર્સિટીમાં થયેલ વિવિધ કામોના પરચેઝ ઓર્ડરના બાકી રહેતા ચુકવણા માટે સમિતિની રચના કરવા અંગે. (પરિશિષ્ટ–૬)
(નોંધઃ– કચ્છ યુનિવર્સિટીમાં થયેલ વિવિધ કામોના પરચેઝ ઓર્ડરના બાકી રહેતા ચુકવણા બાબતે સંબંધિત પાર્ટીઓ દ્વારા પાઠવેલ કાયદાકીય નોટીશ અને તે અન્વયે તત્કાલિન કુલસચિવશ્રી દ્વારા રજૂ થયેલ સ્પષ્ટતા અન્વયે માન.કુલપતિશ્રી અને નાણાં અધિકારીશ્રીની ચર્ચા મુજબ સમિતિની રચના કરવા અંગે. )
**ઠરાવઃ– ૧૦.કચ્છ યુનિવર્સિટી ખાતે ફર્નિચર, સમારકામ, રીપેરીગ વગેરે કામગીરી અન્વયે પરચેઝ ઓર્ડરના બાકી રહેતાં ચુકવણાં બાબતે સમિતિની નીચે મુજબ રચના કરવા, આ સમિતિએ કામગીરીની શરૂઆતથી અંત સુધીના તમામ બિલ એપ્રુવ્ડ કરી યુટીલાઇઝેશન સર્ટીફિકેટ આપવા અને ડેડ સ્ટોક રજીસ્ટર સાથે ૧(એક) માસમાં રજુ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

| સમિતિના સભ્યશ્રીનું નામ | હોદો |
|---|---|
| ૧. શ્રી શ્રવણસિંહ વાઘેલા | અધ્યક્ષશ્રી |
| ૨. ડો.કે.એમ.ત્રિવેદી | સભ્યશ્રી |
| ૩. ડો.એસ.જી.ધર્માણી | સભ્યશ્રી |

૧૧. જુદી જુદી સમિતિમાં ઇ.સી.મેમ્બરશ્રીની નિમણૂંક કરવા અંગે.
(નોંધઃ– કચ્છ યુનિવર્સિટીના ઓર્ડિનન્સ અને એકટ મુજબ યુનિવર્સિટીની શૈક્ષણિક અને વહીવટી પ્રક્રિયા માટે જુદી જુદી સમિતિઓની માન. કુલપતિશ્રી દ્વારા રચનામાં કરવામાં આવેલ છે જે માન્ય રાખી જે તે સમિતિઓમાં એકિઝકયુટીવ કાઉન્સીલના સભ્યશ્રીઓની નિમણૂંક કરવા અંગે.)
**ઠરાવઃ– ૧૧.કચ્છ યુનિવર્સિટીના જુદા–જુદા સત્તામંડળ અને બોર્ડ–સમિતિમાં એકિઝકયુટીવ કાઉન્સીલ દ્વારા નીચે મુજબની વિગતે સભ્યશ્રીઓની નિયુકતી કરવા સર્વાનુમતે પ્રસ્તાવ રજુ થયેલ.**

| સત્તામંડળ/બોર્ડ–સમિતિનું નામ | નિયુકતી ની વિગત. |
|---|---|
| ૧. ખરીદ સમિતિ | શ્રી શ્રવણસિંહ વાઘેલા |
| ૨. ફાયનાન્સ કમિટી | ડો.પી.એસ.હિરાણી |
| ૩. બિલ્ડીગ કમિટી | શ્રી અજયભાઇ ગઢવી |
| ૪. લાઇબ્રેરી કમિટી | ડો.કે.એમ.ત્રિવેદી |
| ૫. સ્ટુડન્ટ વેલ્ફેર બોર્ડ | ડો.પી.એસ.હિરાણી |
| ૬. જોઇન્ટ કન્સલ્ટેટીવ કમિટી–બિનશૈક્ષણિક | –પેન્ડીગ, હવે પછીની સભામાં |
| ૭. પ્લાનીગ બોર્ડ | –પેન્ડીગ, હવે પછીની સભામાં |

૮. એક્સ્ટ્રા મ્યુરલ સ્ટડીઝ —પેન્ડીંગ, હવે પછીની સભામાં
૯. હોસ્ટેલ મેનેજમેન્ટ બોર્ડ —પેન્ડીંગ, હવે પછીની સભામાં

**યુનિવર્સિટી ખાતે કાર્યરત હોસ્ટેલ ફક્ત પી.જી. અને સંશોધન કરતાં વિદ્યાર્થીઓ માટે જ હોવાથી હોસ્ટેલ મેનેજમેન્ટ બોર્ડને સ્થાને હોસ્ટેલ મેનેજમેન્ટ કમિટીની માન.કુલપતિશ્રી દ્વારા કરવામાં આવેલ રચનાને બહાલ રાખવાનું, તથા ઉપરોક્ત સભ્યશ્રીઓની નિયુક્તિને સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૨. અધ્યાપકશ્રીઓની ભરતી પ્રક્રિયા કરવા અંગે.(પરિશિષ્ટ—૭)
(નોંધઃ— યુનિવર્સિટીને યુ.જી.સી. દ્વારા ૧૨—બી પ્રાપ્ત થાય તે માટે યુ.જી.સી.ના ધારા—ધોરણ અનુસાર પાંચ અનુસ્નાતક વિભાગમાં શૈક્ષણિક સ્ટાફ પૂર્ણ કરવા જે—તે સમયે જુદા જુદા વિભાગો દર્શાવતી રજૂઆત યુ.જી.સી.માં કરેલ છે,તાઃ૦૪/૦૨/૨૦૧૭ની એકેડેમિક કાઉન્સીલના ઠરાવ નંબર ૩૭ને તાઃ૦૯/૦૨/૨૦૧૭ના એક્ઝિક્યુટીવ કાઉન્સીલના ઠરાવ નંબર ૩ બહાલ રાખતા માનવવિદ્યાઓ વિભાગ શરૂ કરવાનો હોવાથી અને ઉચ્ચ શિક્ષણ કમિશ્નરમાં મંજુર થયેલી શૈક્ષણિક જગ્યાઓ તબદીલ કરવાની મળેલ મંજૂરી અન્વયે પરિશિષ્ટ—૭ મુજબ મંજૂર થયેલ શૈક્ષણિક જગ્યાઓ જે—તે વિષયમાં તબદીલ કરી પાંચ વિભાગોમાં જરૂરી અધ્યાપકશ્રીઓની ભરતી કરવા અંગે.)
**ઠરાવઃ— ૧૨.કચ્છ યુનિવર્સિટીને ૧૨—બી પ્રાપ્ત થાય તે પ્રયાસોને અનુરૂપ તથા યુ.જી.સી.ના ધારા—ધોરણ અનુસાર પરિશિષ્ટ—૭ મુજબ મંજુર થયેલ શૈક્ષણિક જગ્યાઓ તબદીલી સાથે નીચે દર્શાવ્યા મુજબની વિગતે મંજુર કરી ભરતી પ્રક્રિયાની કાર્યવાહી હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

| **No.** | **Name of the Subject** | **Name of the Post** | **No. of Post** | **Category** |
|---|---|---|---|---|
| 01 | Environmental Science (All allied subjects*) | Professor | 01 | SEBC |
| | | Assistant Professor | 02 | Open |
| 03 | Commerce | Associate Professor (Statistics*) | 01 | ST |
| 04 | Chemistry | Professor (Organic*) | 01 | Open |
| | | Associate Professor (Inorganic/Physical*) | 01 | SC |
| | | Assistant Professor (Inorganic/Physical*) | 01 | Open |
| 05 | Economics | Associate Professor | 01 | ST |
| | | Assistant Professor | 01 | ST |
| 06 | Psychology | Professor | 01 | ST |
| | | Assistant Professor | 01 | SEBC |
| 07 | Sociology | Professor | 01 | SEBC |
| | | Assistant Professor | 01 | Open |
| ***Desirable Specialization.** | | | | |

૧૩. ગ્રાન્ડ એજ્યુકેશન ફેરના હિસાબોને બહાલી આપવા અંગે.(પરિશિષ્ટ–૮)
(નોંધઃ– તાઃ૧૪,૧૫ અને ૧૬ જુન–૨૦૧૭ના રોજ સરકારશ્રી દ્વારા ગુજરાત યુનિવર્સિટી–અમદાવાદ ખાતે યોજાયેલ ગ્રાન્ડ એજ્યુકેશન ફેર માટે થયેલ કુલ અંદાજીત ખર્ચ રૂપિયા ૩,૧૦,૦૦૦/– અંકે ત્રણ લાખ દસ હજારને બહાલી આપવા અંગે.)

**ઠરાવઃ– ૧૩. સરકારશ્રી દ્વારા આયોજીત ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ખાતે ગ્રાન્ડ એજ્યુશેકન ફેર માટે થયેલ અંદાજીત ખર્ચ રૂ.૩,૧૦,૦૦૦/– (અંકે રૂપિયા ત્રણ લાખ દશ હજાર પુરા) બહાલ રાખી મંજુર કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૪. સામયિકોમાં શુભેચ્છા જાહેરાત આપવા અંગે.
(નોંધઃ– યુનિવર્સિટીના પ્રચાર અને પ્રસાર માટે શૈક્ષણિક વર્ષ દરમ્યાન જુદા જુદા સામયિકોમાં શુભેચ્છા જાહેરાત આપવાનો ખર્ચ થાય છે જે ધ્યાને લઇ જાહેરાત આપવા અને થનાર ખર્ચને મંજૂરી આપવા અંગે.)

**ઠરાવઃ– ૧૪. કચ્છ યુનિવર્સિટીના પ્રચાર અને પ્રસાર માટે શૈક્ષણિક વર્ષ દરમ્યાન શુભેચ્છા જાહેરાતના ખર્ચ અંગેની સત્તા માન.કુલપતિશ્રીને સોંપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૫. ડ્રાઇવરોના રેમ્યુનરેશન દર નકકી કરવા અંગે.(પરિશિષ્ટ–૯)
(નોંધઃ–યુનિવર્સિટીમાં સેવા આપતા ડ્રાવઇરોને પરીક્ષા કામગીરી અને અન્ય કામગીરીથી બહાર ગામ જવાનું થાય તો પૂર્વે અને વર્તમાનમાં ચુકવાતા દૈનિક ભથ્થામાં વિસંગતા અંગે રજૂઆત મળેલ છે તે અંગે.)

**ઠરાવઃ– ૧૫. કચ્છ યુનિવર્સિટી ડ્રાઇવર સંવર્ગ વર્ગ–૩માં આવતાં હોઇ નવા પરિપત્ર અનુસંધાને તેઓને વર્ગ–૩ના કર્મચારી તરીકે ગણીને રૂ.૩૦૦/– મહેનતાણું આજની તારીખથી અગાઉ ના એરીયર્સની રકમ ન ચુકવવાની શરતે મંજુર કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૬. સેન્ટ્રલ એસસેમેન્ટ કામગીરી અંગે મહેકમ નકકી કરવા કમિટીની રચના કરવા અંગે.

**ઠરાવઃ– ૧૬. કચ્છ યુનિવર્સિટીના સેન્ટ્રલાઇઝ અસેસમેન્ટ અન્વયે કચ્છ યુનિવર્સિટીની તમામ પરીક્ષાઓ અસેસમેન્ટ કામગીરી માટે કુલ–૬૦ દિવસ મહતમ મર્યાદા તથા મહતમ મહેકમ મર્યાદા–૫૦ કર્મચારીઓ મંજુર કરવા તથા જરૂર જણાય તો ખાસ કિસ્સામાં માન. કુલપતિશ્રીને સત્તા સોંપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૭. ફિઝીયોથેરાપી અભ્યાસક્રમની પરીક્ષા ફી નકકી અંગે.(પરિશિષ્ટ–૧૦)
(નોંધઃ–વર્ષ ૨૦૧૬–૧૭ થી શરૂ થયેલ ફિઝીયોથેરાપી અભ્યાસક્રમની પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને પરીક્ષાઓ યોજવાની હોવાથી ગુજરાત યુનિવર્સિટીની ફિઝીયોથેરાપી અભ્યાસક્રમની પરીક્ષા ફીને ધ્યાને લઇ યુનિવર્સિટીની ફિઝીયોથેરાપી અભ્યાસક્રમની પરીક્ષા ફી રૂ.૨૫,૦૦/– અંકે પચીસ સો મુજબ ઉઘરાવેલ છે આ બાબતે ચર્ચા અને નિર્ણય અંગે.)

**ઠરાવઃ– ૧૭. કચ્છ યુનિવર્સિટીના ફિઝીયોથેરાપી અભ્યાસક્રમની પરીક્ષા ફી ૨૫૦૦/– (અંકે રૂપિયા બે હજાર પાંચસો પુરા) રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૮. ડીએમએલટી અભ્યાસક્રમની ફી નકકી કરવા અંગે.(પરિશિષ્ટ–૧૧)
(નોંધઃ–વર્ષ ૨૦૧૭–૧૮ થી શરૂ થનાર ડીએમએલટી અભ્યાસક્રમની પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓની અભ્યાસક્રમની ફી નકકી કરવાની હોવાથી આ અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાઓની ફીના ધોરણોને ધ્યાને લઇ યુનિવર્સિટીની ડીએમએલટી અભ્યાસક્રમની વાર્ષિક રૂ.૨૫,૦૦૦/– અંકે પચીસ હજાર મુજબ રાખવા ચર્ચા અને નિર્ણય અંગે.)

**ઠરાવઃ– ૧૮. કચ્છ યુનિવર્સિટીના ડીએમએલટી અભ્યાસક્રમની ફી ૨૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) રાખવા અને ઇન્ટેક ૩૦(ત્રીસ)ની મંજુર કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૯. પરીક્ષાની કામગીરી અન્વયે બારકોડ પ્રિન્ટર ખરીદ કરવાની સૈધ્ધાંતિક મંજુરી અંગે.
(નોંધઃ– વર્ષ ૨૦૧૬–૧૭ થી અસ્તિત્વમાં આવેલ બારકોડ સિસ્ટમ માટે જરૂરી બારકોડ પ્રિન્ટ કરવા બારકોડ પ્રિન્ટર ખરીદ કરવાનું થાય છે જેના નિર્ણય અંગે.)
**ઠરાવઃ– ૧૯. પરીક્ષા સબંધિત કામગીરી અન્વયે બારકોડ પ્રિન્ટરની ખરીદી બાબતે ખરીદ સમિતિમાં રજૂ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨૦. મેડીકલ ફેકલ્ટીના અભ્યાસક્રમો અન્વયે યુ.જી. અને પી.જી. શિક્ષક માન્યતાના નિયમાવલી ઘડવા અંગે.
(નોંધઃ– જે–તે સમય દરમિયાન એમસીઆઇના નિયમોમાં ફેરફાર થતા હોય છે વર્તમાન એમ.સી.આઇ રેગ્યુલેશન–૨૦૧૪ મુજબ મેડિકલ ફેકલ્ટીમાં અધ્યાપકશ્રીઓને નિમણૂંક માટેની સૈધ્ધાંતિક મંજૂરી આપેલ છે. આ અધ્યાપકશ્રીઓને યુ.જી. અને પી.જી. શિક્ષક માન્યતા માટેના ડીનશ્રી મેડીકલ ફેકલ્ટીની ભલામણથી રજૂ થયેલ નિયમોને બહાલ અને તે મુજબ શિક્ષક માન્યતા આપવા અંગે.).
**ઠરાવઃ– ૨૦. મેડીકલ ફેકલ્ટીના તમામ અભ્યાસક્રમ અન્વયે યુ.જી. અને પી.જી. શિક્ષકની માન્યતા અંગેના ધારા–ધોરણો અંગે ડીનશ્રી મેડીકલ ફેકલ્ટી દ્વારા કરેલી ભલામણ મુજબ એમ.સી.આઇ. રેગ્યુલેશન–૨૦૧૪ મુજબના શિક્ષક માન્યતાના નિયમો રાખવા અને તે પ્રમાણે સૈધ્ધાંતિક મંજુરી આપેલ છે તે શિક્ષકોને શિક્ષક માન્યતા આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨૧. લાયબ્રેરી અને રીનોવેશનના રીપોર્ટ અંગે.(પરિશિષ્ટ–૧૨)
(નોંધઃ– તાઃ૨૦/૦૩/૨૦૧૭ની એક્ઝિક્યુટીવ કાઉન્સીલના ઠરાવ નંઃ૨ અન્વયે મળેલ જુદી જુદી સમિતિઓના અહેવાલ અંગે માન.કુલપતિશ્રી દ્વારા મળેલ તાઃ૦૫/૦૫/૧૭ના રોજના આદેશ અન્વયે રજૂ થયેલ અહેવાલ પરિશિષ્ટ થી સાદર કરેલ છે જેની ચર્ચા અને નિર્ણય અંગે.)
**ઠરાવઃ– ૨૧. કચ્છ યુનિવર્સિટી ખાતે લાઇબ્રેરી અને રીનોવેશનના રજુ થયેલ રીપોર્ટ બાબતે સમિતિની નીચે મુજબ રચના કરવા, આ સમિતિએ કામગીરીની શરૂઆતથી અંત સુધીના તમામ કામગીરી અંગે યુટીલાઇઝેશન સર્ટીફિકેટ આપવા અને ડેડ સ્ટોક રજીસ્ટર સાથે ૧(એક) માસમાં રજુ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

| **સમિતિના સભ્યશ્રીનું નામ** | **હોદો** |
| --- | --- |
| **૧. શ્રી શ્રવણસિંહ વાઘેલા** | **અધ્યક્ષશ્રી** |
| **૨. ડો.કે.એમ.ત્રિવેદી** | **સભ્યશ્રી** |
| **૩. ડો.એસ.જી.ધર્માણી** | **સભ્યશ્રી** |

૨૨. કચ્છ યુનિવર્સિટીના વિષય નિષ્ણાંતશ્રીઓની યાદીને બહાલી આપવા અંગે.(પરિશિષ્ટ–૧૩)
(નોંધઃ– યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં શૈક્ષણિક સ્ટાફની ભરતી પ્રક્રિયા માટે વિષય નિષ્ણાંતશ્રીઓની યાદી માન.કુલપતિશ્રીના આદેશ મુજબ પ્રસિધ્ધ કરેલ છે જે બહાલ અંગે.)
**ઠરાવઃ– ૨૨. કચ્છ યુનિવર્સિટી દ્વારા તૈયાર થયેલ વિષય નિષ્ણાંતોની યાદી બહાલ રાખવા, સંજોગોવસાત આ યાદીમાંના વિષય નિષ્ણાંતશ્રી પ્રાપ્ત ન હોય તેવા કિસ્સામાં માન.કુલપતિશ્રીની સબંધિત સંસ્થાએ પૂર્વ મંજુરી મેળવી કાર્યવાહી હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨૩. નવા અભ્યાસક્રમો તથા નવી કોલેજોની મંજૂરીને બહાલી આપવા અંગે.(પરિશિષ્ટ–૧૪)

**ઠરાવઃ– ૨૩. કચ્છ યુનિવર્સિટી સંલગ્ન નીચે મુજબની સંસ્થાઓની શૈક્ષણિક વર્ષ–૧૭–૧૮ માં નવા અભ્યાસક્રમો તથા નવી કોલેજો શરૂ કરવા અંગેની સૈધ્ધાંતિક પૂર્વ મંજુરી આવી ગયેલ હોવાથી બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

| સંસ્થા/કોલેજનું નામ | અભ્યાસક્રમ |
|---|---|
| ૧. એચ.જે.ડી. સાયન્સ કોલેજ | બી.એસ.સી. |
| ૨. ગેઇમ્સ કોલેજ | ડીએમએલટી |
| ૩. સહજાનંદ ગર્લ્સ ઇન્સ્ટીટયુટ | બી.એસ.સી. |
| ૪. સંસ્કાર ઇન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ આઇટી | બી.કોમ.(ઓનર્સ) |
| ૫. તોલાણી કોમર્સ કોલેજ | બી.કોમ.(ઓનર્સ) |

૨૪. ડો.સુહાસ વ્યાસની ફરજમુકતી સ્વીકારવા અને નોટીસ પે માફ કરવા અંગે.(પરિશિષ્ટ–૧૫)

(નોંધઃ– ડો.સુહાસ વ્યાસ, આસી.પ્રોફેસર, અર્થ એન્ડ ઇન્વાયરમેન્ટ સાયન્સ, કચ્છ યુનિવર્સિટી માંથી એસોસીયટ પ્રોફેસર, ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે હાજર થવા બાબતે તાઃ૧૨/૦૬/૨૦૧૭ના રોજ ફરજમુકત કરવા માટે કરેલી અરજી અન્વયે તેઓશ્રીને તાઃ૧૩/૦૬/૨૦૧૭ના રોજ કાર્યાલય સમય બાદ ફરજમુકત કરેલ છે. આમ શ્રી વ્યાસને તાત્કાલિક ફરજ મુકત કરેલ છે તથા નોટીસ પે લીધેલ નથી જે ધ્યાને લઇ ફરજમુકતી સ્વીકારવા અને નોટીસ પે માફ કરવા અંગે. )

**ઠરાવઃ– ૨૪. કચ્છ યુનિવર્સિટીના ડો.સુહાસ વ્યાસ ઉચ્ચ કેડરમાં જતાં હોઇ તેમની તાત્કાલિક ફરજ મુકિત અને નોટીસ પે માફીને બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨૫. વર્ગ–૩ અને ૪ના કર્મચારીઓના પગાર વધારવા અંગે.(પરીશિષ્ટ–૧૬)

(નોંધઃ– સરકારશ્રીના નાણાં વિભાગના તા.૧૮/૦૧/૨૦૧૭ ના ઠરાવ અન્વયે પગાર ધોરણ સુધારા)

**ઠરાવઃ– ૨૫. કચ્છ યુનિવર્સિટી ખાતે ફિકસ પગારમાં ફરજો બજાવતાં કરાર આધારિત અને અન્ય પ્રકારની સેવાઓથી જોડાયેલ વર્ગ–૩ અને વર્ગ–૪ ના કર્મચારીઓના સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ અન્વયે પગાર વધારા બાબતે તથા ફિકસ પગારમાં ફરજ બજાવતાં અધ્યાપકશ્રીઓના સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ અન્વયે પગાર વધારા બાબતે નીચે મુજબની પગાર વધારા નિર્ધારણ સમિતિની રચના કરવા તથા આ સમિતિએ પગાર વધારા અંગે ૨(બે) માસમાં અહેવાલ રજુ કરે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

| સમિતિના સભ્યશ્રીનું નામ | હોદો |
|---|---|
| ૧. શ્રી શ્રવણસિંહ વાઘેલા | અધ્યક્ષશ્રી |
| ૨. શ્રી અજય ગઢવી | સભ્યશ્રી |
| ૩. ડો.કે.એમ.ત્રિવેદી | સભ્યશ્રી |
| ૪. ડો.પી.એસ.હિરાણી | સભ્યશ્રી |
| ૫. ડો.મનીષ પંડયા | સભ્યશ્રી |

૨૬. યુનિવર્સિટી તથા સંલગ્ન કોલેજોના અધ્યાપકશ્રીઓને CAS નો લાભ આપવા બાબત.

**ઠરાવઃ– ૨૬. કચ્છ યુનિવર્સિટીના તથા સંલગ્ન કોલેજોના અધ્યાપકશ્રીઓને સીએએસનો લાભ યુ.જી.સી.અને ગુજરાત સરકારશ્રીના વખતો વખતના ઠરાવો પ્રમાણે લાભ આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨૭. વર્ગ–૩ના તા.૧૬/૦૨/૨૦૦૬ ની ફિક્સ પગારની નીતિ હેઠળ નિમણુંક પામેલા કર્મચારીશ્રીઓની પાંચ વર્ષની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃતિ સમયે નિવૃતિ વિષયક મળવાપાત્ર લાભો અંગે સેવા તરીકે ગણવા અંગે.(પરીશિષ્ટ–૧૭)
(નોંધઃ– સરકારશ્રીના નાણાં વિભાગના તા.૧૮/૦૧/૨૦૧૭ ના ઠરાવ અન્વયે)
**ઠરાવઃ– ૨૭. સરકારશ્રીની તા.૧૬/૦૨/૨૦૦૬ની ફિક્સ પગારની નીતિ હેઠળ કચ્છ યુનિવર્સિટીના વર્ગ–૩ના નિમણુંક પામેલા કર્મચારીશ્રીઓની પાંચ વર્ષની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃતિ સમયે નિવૃતિ વિષયક મળવાપાત્ર લાભો અંગે સેવા તરીકે ગણવા અંગે ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગમાંથી માર્ગદર્શન મેળવી અને તે મુજબ કાર્યવાહી હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨૮. ડો.તેજલ શેઠ, પરીક્ષા નિયામકશ્રી દ્વારા પગાર સુધારાની રજુઆત અંગે.(પરીશિષ્ટ–૧૮)
(નોંધઃ–પરીક્ષા નિયામકશ્રી ડો. તેજલ શેઠ દ્વારા થયેલ રજૂઆત અન્વયે તેઓશ્રીને મળતા પગાર ધોરણના સ્થાને દર્શાવેલ પગાર ધોરણથી પગાર અને તફાવતની રકમ ચુકવવા અંગે.)
**ઠરાવઃ– ૨૮. કચ્છ યુનિવર્સિટીના પરીક્ષા નિયામકશ્રી ડો.તેજલ શેઠ ના પગાર સુધારા બાબતે એકાઉન્ટ ઓફિસરશ્રી સોનારા સાહેબનું માર્ગદર્શન મેળવવા અંગે ડો.સુશીલ ધર્માણીની રજુઆત અન્વયે સદર કામગીરી તેઓને સોપવામાં આવી તે મુજબ તેઓશ્રી દ્વારા શ્રી સોનારા સાહેબ સાથે થયેલ ચર્ચા અન્વયે આપેલી સહમતી અન્વયે પરીક્ષા નિયામકશ્રીને રજુઆત મુજબ સુધારેલ પગાર ધોરણ આપવા અને તે મુજબ બાકી રહેતી રકમ પણ ચુકવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨૯. શ્રી સહજાનંદ ગર્લ્સ ઇન્સ્ટીટ્યુટ–ભુજ ખાતે બી.બી.એ.અભ્યાસક્રમ બંધ કરવાની દરખાસ્ત સરકારશ્રીમાં મોકલવા અંગે.
**ઠરાવઃ– ૨૯. કચ્છ યુનિવર્સિટી સંલગ્ન કોલેજ શ્રી સહજાનંદ ગર્લ્સ ઇન્સ્ટીટ્યુટ– ભુજની બી.બી.એ. અભ્યાસક્રમ બંધ કરવાની દરખાસ્ત સરકારશ્રીમાં કરવા અંગે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૩૦. બાંધકામ શાખાની રજૂઆતો અંગે. (પરિશિષ્ટ–૧૯)
૧) કચ્છ યુનિવર્સિટી ખાતે સોલાર રુફ ટોપ પેનલની કામગીરી માટે ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી (GEDA) દ્વારા માન્ય કોન્ટ્રાકટરો પાસેથી ભાવ મંગાવી આગળની પ્રક્રિયા કરવા માટે મંજુરી આપવા બાબત.
૨) કચ્છ યુનિવર્સિટી ખાતે A બ્લોકમાં કેમેસ્ટ્રી લેબના રીનોવેશન માટે એકવાર ટેન્ડર પ્રક્રિયા કરેલ.પરંતુ કોઇ પાર્ટીઓના ટેન્ડર ન આવતાં રી–ટેન્ડરીગ પ્રક્રિયા કરી આગળની કામગીરી કરવા મંજુરી આપવા બાબત.
૩) યુનિવર્સિટીના મુખ્ય પ્રવેશદ્વાર અને તેની આજુબાજુના એરીયાનું બ્યુટીફીકેશન,માન.કુલપતિશ્રી અને રજીસ્ટારશ્રીની ઓફિસનું ઇન્ટીરીયર અને ફર્નિચરની કામગીરી,આર્ટ વર્ક માટે મ્યુરલ અને એનગ્રેવીગની કામગીરી માટેની ટેન્ડર પ્રક્રિયા કરી આગળની કામગીરી કરવા માટે મંજુરી આપવા બાબત.
૪) રાજય સરકાર દ્વારા ૨૦૧૬–૧૭ના હેડમાં મળેલ નવીનીકરણ,સમારકામ,સુધારા વધારા ની ૧ (એક) કરોડ રૂપિયાની ગ્રાન્ટ અંતગર્ત યુનિવર્સિટીના કોર્ટ હોલ,કોન્ફરન્સ હોલ અને

વરચ્યુઅલ કલાસરૂમના મોડીફીકેશન ઇન્ટીરીયર અને ફર્નીચરની કામગીરી માટે આગળની કાર્યવાહી કરવા બાબત.
૫)યુનિવર્સિટીના ડીઝીટલાઈઝનના ભાગ રૂપે સ્માર્ટ કલાસ બનાવવાની કામગીરી માટે ફર્નિચર ખરીદવા માટેની ટેન્ડર પ્રક્રિયા કરી આગળની કામગીરી કરવા મંજુરી આપવા બાબત.
૬)હાર્ડવેર ફાયરવોલ લાયસન્સ એકટીવેશન અને ડેવલોપીગ માટેની ખરીદ પ્રક્રિયા માટેની મંજુરી આપવા બાબત.
૭)સંપુર્ણ વાઈ ફાઈ કેમ્પસ માટે રહી જતા એરીયા પર વાઈ ફાઈ એકસેસ પોઇન્ટ મુકવા માટેની પ્રક્રિયા કરવા માટે મંજુરી આપવા બાબત.
૮)માઇક્રોસોફટના જરૂરી સોફટવેર લાઇસન્સની ખરીદ પ્રક્રિયા માટે મંજુરી આપવા બાબત.
૯)કચ્છ યુનિવર્સીટીની લાયબ્રેરીને અદ્યતન બનાવવા સર્વર,સ્કેનર તથા કાર્ડ પ્રિન્ટર માટે ટેન્ડર પ્રક્રિયા કરી આગળની કામગીરી માટે મંજુરી આપવા બાબત.
૧૦)કચ્છ યુનિવર્સિટીના ડીઝીટલાઈજેશન ના ભાગ રૂપે માટે IP PHONE, RFID, SCADA SYSTEM વિકસાવવા માટે ટેન્ડર પ્રક્રિયા કરી આગળની માટે મંજુરી આપવા બાબત.
૧૧) સ્ટાફ કવાટર્સ અને બંગલોઝની કામગીરીમાં ગરમ પાણીની લાઈન,ફાઉન્ટેન, મીક્ષર,હેલ્થ ફેકટ તથા તેને લગતી પ્લબીગની આઇટમો માટેની કામગીરી કરાવવાની મંજુરી આપવા બાબત.
૧૨) RUSA ગ્રાન્ટ અંતર્ગત નવા બાંધકામના હેડમાં અંદાજીત ૭ કરોડ રૂપિયાના ખર્ચે નવુ બિલ્ડીગ બનાવવા બાબત.
૧૩) સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં GI Roof Sheet નીચે insulation material ની કામગીરી કરાવવા બાબત.
૧૪) સ્માર્ટ કલાસમાં PVC ફલોરીગ અને કેમ્પસમાં રોડ કર્બીગની કામગીરી માટે ટેન્ડર પ્રક્રિયા કરી આગળની કામગીરી કરાવવા બાબત.
**ઠરાવઃ– ૩૦. બાંધકમ શાખા દ્વારા થયેલ ઉપરોકત ક્રમ–૧ થી ક્રમ–૧૪ ની રજુઆત અન્વયે સદર કામગીરી બાંધકામ સમિતિ અને ખરીદ સમિતિ મારફતે સબંધિત શાખાઓ દ્વારા કાર્યવાહી હાથ ધરવા તથા ક્રમ–૪ માં દર્શાવેલ કામગીરી વર્તમાન કન્સલ્ટન્ટ દ્વારા કરાવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

**અધ્યક્ષ સ્થાનેથી રજુ થયેલ મુદાઓ.**

૩૧. બી.કોમ.(ઓનર્સ) ના ઇન્ટેક અને ટયુશન ફી નકિક કરવા બાબત.
**ઠરાવઃ– ૩૧. શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ શરૂ થનાર કચ્છ યુનિવર્સિટી સંલગ્ન બી.કોમ.(ઓનર્સ) ના અભ્યાસક્રમની ઇન્ટેક ૬૦ રાખવા અને ટયુશન ફી વર્તમાનમાં રૂા.૧૦,૦૦૦/– પ્રતિ સેમેસ્ટર રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**
૩૨. કચ્છ યુનિવર્સિટીના ભંડોળ બાબતે બેંકમાં એફ.ડી. કરવા બાબત
**ઠરાવઃ– ૩૨. કચ્છ યુનિવર્સિટી ખાતે એ.જી.ઓડિટ દરમ્યાન ઓડિટરશ્રી દ્વારા થયેલ મૌખિક સુચન મુજબ યુનિવર્સિટીના ભંડોળ બાબતે બાબતે યુનિવર્સિટીના કન્સલ્ટન્ટ સી.એ. અને બેંકના માર્ગદર્શન મુજબ એફ.ડી. કરવાની સત્તા માન.કુલપતિશ્રીને સોંપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**
૩૩. પી.એચ.ડી. ગાઇડશીપ આપવા ની યાદી બાબત
**ઠરાવઃ– ૩૩. કચ્છ યુનિવર્સિટીના સંશોધન કાર્ય અન્વયે યુ.જી.સી. તથા યુનિવર્સિટીના ધારા–ધોરણ અનુસાર પાત્રતા ધરાવતાં અધ્યાપકોને આપેલ પી.એચ.ડી.ગાઇડશીપની યાદીને બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૩૪. ઇન્ટરવ્યું અને નિમણુંકના નિયમો બાબત

**ઠરાવઃ- ૩૪. યુનિવર્સિટીની જુદી-જુદી ભરતી પ્રક્રિયા અન્વયે ઇન્ટરવ્યું અને નિમણુંકના નિયમો, ફોર્મ ઇ.સી.ના સભ્યશ્રી અને એકેડેમિશીયન ડો.પી.એસ.હિરાણી, ડો.કે.એમ.ત્રિવેદી, ડો.મનીષ પંડયા અને ડો.એસ.જી.ધર્માણીને ઇ-મેઇલ દ્વારા મોકલી તે અંગે સુચનો અને માર્ગદર્શન દિન-૫ મેળવી મેઇલ દ્વારા મોકલવા અને ત્રણ દિવસમાં સુધારા મંગાવવા અને આગામી સભામાં રજુ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૩૫. એમ.એસ.સી. (એનાલીટીકલ કેમેસ્ટ્રી) બાબત.

**ઠરાવઃ- ૩૫. યુનિવર્સિટીના રસાયણશાસ્ત્ર વિભાગ ખાતે એમ.એસ.સી.(એનાલીટીકલ કેમેસ્ટ્રી) અભ્યાસક્રમ એકેડેમિક કાઉન્સીલની મંજુરીની અપેક્ષાએ શરૂ કરવા અને આ અભ્યાસક્રમમાં સેમ-૨ માં ઉર્તિણ થયેલ વિદ્યાર્થીઓ પૈકી મેરીટના ધોરણે ૧૫ બેઠકો એનાલીટીકલ કેમેસ્ટ્રીથી ભરવા અને જરૂરીયાત મુજબ આગામી શૈક્ષણિક વર્ષથી ફેરફાર કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૩૬. કચ્છ યુનિવર્સિટી તા.૧૩/૦૬/૨૦૧૭ ના રોજ બપોરે ૩.૩૦ કલાકે માન.કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને કેન્દ્ર સરકાર તથા રાજય સરકાર દ્વારા મળેલ ગ્રાન્ટ અંતગર્ત વિવિધ કામોના કોન્ટ્રાકટર અને કન્સલ્ટન્ટ સાથે યોજયેલ રીવ્યું મિંટીગને બહાલ રાખવા, મિંટીગમાં લેવાયેલ નિર્ણયો મુજબ થયેલ કાર્યવાહી બહાલ રાખવા બાબત.

**ઠરાવઃ- ૩૬. કચ્છ યુનિવર્સિટી તા.૧૩/૦૬/૨૦૧૭ ના રોજ બપોરે ૩.૩૦ કલાકે માન.કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને કેન્દ્ર સરકાર તથા રાજય સરકાર દ્વારા મળેલ ગ્રાન્ટ અંતગર્ત વિવિધ કામોના કોન્ટ્રાકટર અને કન્સલ્ટન્ટ સાથે યોજયેલ રીવ્યું મિંટીગને બહાલ રાખવા, મિંટીગમાં લેવાયેલ નિર્ણયો મુજબ થયેલ કાર્યવાહી બહાલ રાખવા તથા સમય મર્યાદામાં કામ પૂર્ણ થયેલ ન હોય તે સંજોગોમાં થયેલ વિક્ષેપ અન્વયે સરકારશ્રીના આર.એન્ડ બી. વિભાગના નિયમાનુસાર કપાત કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

**અન્ય કોઇ મુદો ઉપસ્થિત ન થતાં માન.કુલપતિશ્રીના હ્રદયપૂર્વક આભાર સાથે સભા પૂર્ણ જાહેર કરવામાં આવી.**

આપનો વિશ્વાસુ

**કુલસચિવ(ઇ.ચા.)**

નકલ સવિનય રવાનાઃ- માન.કુલપતિશ્રીના કાર્યાલય તરફ.

તા.૧૯/૦૭/૨૦૧૭